




## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

શાને માટે આમ કરું છું  
ખુદના ઉપર કામ કરું છું  
દાવ અનોખા ઘાવ અનોખા  
મિત્રોના ગુણગાન કરું છું  
થોડું વિષ તો રોજ પચાવું  
થોડું અમૃતપાન કરું છું  
સુખદુ:ખ આવે મંગલ માની  
જંગલમાં પણ ગાન કરું છું

દિલીપ ગજ્જર

### પાથેય

# દાવ અનોખા, ઘાવ અનોખા..!

ખુદના ઉપર કામ કરવું એટલે ?માણસ જયારે પોતાના વિશે વાત કરે છે ત્યારે એ હંમેશાં પડકારરૂપ હોય છે. અને એટલે જ આત્મકથા લખતો માણસ કયારે આત્મશ્લાઘામાં સરી જાય એ નક્કી નથી હોતું..

આત્મકથા એટલે કે Auto biography ની શરૂઆત અંગ્રેજી સાહિત્ય માં થઈ...Biography એટલે જીવનકથા એ પણ એની નજીકનો સાહિત્ય પ્રકાર છે...એમાં અન્ય કોઈ વ્યક્તિ કોઈકની કથા આલેખે છે..આત્મકથા લેખકે ખુદ લખવાની હોય છે..

આપણે ત્યાં સૌ પ્રથમ આત્મકથા લખવાનું શ્રેય 'નર્મદ' ને ફાળે જાય છે..."મારી હકીકત" એ એનું આત્મવૃતાંત છે...જેમાં "હું નાગર છઉં...' એમ કહી પોતાના જીવનપ્રસંગોને નિખાલસતાથી આલેખતો નર્મદ મુઠ્ઠી ઉંચેરો લાગે છે...

"સત્ય ના પ્રયોગો " એ ગાંધીજીની એવી જ સંપુર્ણ આત્મકથા છે. જે લખતાં પહેલાં એમણે જબરજસ્ત મનોમંથન કરેલું. કેમકે મહાત્મા તરીકે સ્થાપિત એમની છબી અને મનુષ્ય તરીકેનાં એમનાં સ્ખલનો એ બંને વચ્ચે સત્યની જાળવણી એ એમની ચિંતા હતી...

આવી જ અન્ય એક આત્મકથા મણિલાલ નભુભાઈ દ્વિવેદીની છે.જે પ્રગટ કરવા માટે પણ દાયકાઓ સુધી વિવાદ ચાલ્યો હતો.. જેમાં પંડિત એવા લેખકની માનવસહજ નબળાઈઓને ખુદ લેખકે જ નિર્ભિક રીતે આલેખી છે..સત્ય માટેની સર્જક મણિલાલની તાલાવેલી એમને મુઠી ઉંચેરા માનવ પણ સાબિત કરે છે.આ ત્રણેય આત્મકથાઓ એ સત્ય માટેનાં સીમાચિન્હો છે...જે દરેક ગુજરાતી વાચકે વાંચવી જ જોઈએ.

મહાન માણસના જીવનમાંથી આપણે ઘણું શીખી શકીએ છીએ..એમ સમાજના વિભિન્ન વર્ગો તરફથી મળતા અનુભવો પણ એટલા જ ઉપકારક હોય છે....'વહીવટ ની વાતો' એ તાજેતરમાં લખાયેલ કુલિનચંદ્ર યાજ્ઞિકના અનુભવોની કથા છે..પોતે જાહેર સેવક હતા એ દરમિયાન થયેલા અનુભવોનું સરસ આલેખન છે...જે સંપુર્ણપણે આત્મકથા નહિ પણ અનુભવ કથા છે. બ્યુરોક્રેટસ એટલે કે બાબુઓ તરફથી લખાયેલાં આવાં અનેક સરસ પુસ્તકો ગુજરાતી માં છે..જેમાં લલિત દલાલ ની 'સનદી સેવાનાં સંભારણાં'..હસમુખ શાહ ની 'દીઠું મેં...' પ્રવિણ લહેરીની 'રંગેચંગે રાજુલા ' રસપ્રદ અનુભવકથાઓ છે... લેખકો તો આત્મરતિમાં પડવાની તક જ શોધતા હોય છે...આત્મકથાની લોભામણી બાબત એટલે આમ તો પોતાનાં જ ગુણગાન...પરંતુ માણસ ધારે તો પોતાના જીવનની સચ્ચાઈ કે અનુભવોની સમતોલ અભિવ્યક્તિ ઓટોબાયોગ્રાફીમાં આપી શકે છે.. લેખકોમાં ગુણવંત શાહ ની "બિલ્લો ટિલ્લો ટચ.." ચંદ્રકાંત બક્ષી ની" બક્ષીનામા" ક.મા.મુનશીની ત્રણ ભાગમાં લખાયેલી આત્મકથા..(અડધે રસ્તે, સીધાં ચઢાણ અને સ્વપ્નસિધ્ધિની શોધમાં), 'ધૂમકેતુ' ની બે ભાગમાં 'જીવનપંથ અને "જીવનરંગ" તેમજ તાજેતરમાં અવસાન પામેલા બે સર્જકો ચિનુ મોદી ની "જલસા અવતાર" અને તારક મહેતાની "એક્શન રિપ્લે" મસ્ત આત્મકથાઓ છે...

લા.ઠા નું "બાપા વિશે" અને કિશનસિંહ ચાવડાનું 'અમાસ ના તારા ' સ્મરણોની સરસ કથાઓ છે...

વ્યકિત જયારે પોતાની વાત કરે છે ત્યારે એમાં એક અલગ પ્રકારની શિસ્ત અને સંયમ જરૂરી બની જાય છે... ગુજરાતી ભાષા આ બાબતે સદનસીબ છે...આત્મસંયમ એ આત્મકથાના પ્રાણ છે..એ શરત જ આલેખક માટે મહત્વની હોય છે.

# ગાયત્રી મંત્રના ઉચ્ચારણથી પ્રતિ સેકંડે ૧.૧૦ લાખ સાઉન્ડ વેવ જનરેટ થાય છે




ગુજરાતના અરવલ્લી જિલ્લાના મોડાસાના મંગલદાસ કડીયાની વાત યાદ આવે છે. થોડા સમય પહેલાં મે મહિનાની કાળઝાળ ગરમીમાં શાતા આપે એવા સમાચાર આ મંગળદાસભાઈએ આખા ગુજરાતને આપ્યા હતા. વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાએ સાત લાખ બોત્તેર હજાર આઠસો ગાયત્રી મંત્ર લેખન માટે પ્રશસ્તિપત્ર અને મેડલ આપી મંગલદાસભાઈને સન્માનિત કર્યા. મંગળદાસભાઈએ ૨૦૧૩થી ૨૦૧૯ છ વર્ષમાં લગાતાર ગાયત્રી મંત્ર લખીને આ રેકોર્ડ બનાવ્યો છે. ગાયત્રી પરિવારના પ્રણવ પંડ્યાજી કહે છે કે, ગાયત્રી મહામંત્ર લેખન સૂર્યની ઉપાસનાની સાથે સાથે મનઃશક્તિને અદભુત ઊર્જા પ્રદાન કરે છે.

એક સ્વાભાવિક પ્રશ્ન એ થાય કે મંત્ર એટલે શું ? એનો તાર્કિક જવાબ છે, મંત્ર એટલે એવા ધ્વનિ, ઉચ્ચારણ કે શબ્દસૂત્ર કે જેમાં રૂપાંતર અને નિર્માણની અદભુત ક્ષમતા હોય. મંત્રોના ઉપયોગ અને પ્રકાર તેની સાથે સંકળાયેલા વિચારોની શ્રૃંખલા અને તત્વ મિમાંસા અનુસાર અલગ અલગ હોય છે. તિબેટમાં ઘણા બૌદ્ધ સમાધિની શિલાઓ ઉપર અલગ અલગ મંત્રો જોવા મળતા હોય છે. સમાધિની શિલાઓ ઉપર મંત્રોને ઉત્કિર્ણ કહે છે.ૐ ના ઉચ્ચારણને વેદાંત આધ્યાત્મિક વિદ્યામાં એક સંપૂર્ણ મંત્ર ગણવામાં આવ્યો છે. ૐમાં 'અ', 'ઉ', અને 'મ' ત્રણ અક્ષર છે. 'અ' એટલે આરંભ, 'ઉ' એટલે વિકાસ અને 'મ' એટલે નવા આરંભ માટેનો અંત.

મંત્રોની મૂળ પરિકલ્પના વેદોમાંથી જન્મી છે. મોટા ભાગના મંત્રો બે ચરણમાં શ્લોકની લેખિત પદ્ધતિને અનુસરે છે. જૈન ધર્મમાં 'નવકાર' મંત્રને પરમ આધ્યાત્મિક શક્તિ ધરાવતો મંત્ર માનવામાં આવે છે. વિષ્ણુ મંત્રો, શાંતિ મંત્રો વગેરે અનેક પ્રકારના મંત્રો છે. ચાઈનીઝ બૌધવાદમાં સમ્રાટ શુનઝીના ગુરુ સાધુ યુલિને દસ લઘુ મંત્રો આપ્યા છે. કેકેઈ નામના બૌદ્ધ ચિંતકે બૌદ્ધ મંત્રોના આધારે આધ્યાત્મિક ચેતનાનો સંચાર કર્યો છે.

ગયત્રી મંત્રની વાત માંડીએ. ગાયત્રી મંત્ર ઉપર વૈજ્ઞાનિક, તાર્કિક અને ધાર્મિક દ્રષ્ટિકોણથી જગતભરમાં વિશ્લેષણો અને અભ્યાસો થયા છે. હજુ આજે પણ આ વિષયમાં તજજ્ઞો દ્વારા અભ્યાસ થતાં રહે છે. દેવી ભાગવતમાં ગાયત્રીની ત્રણ શકિતઓ દર્શાવવામાં આવી છે. તેમને બ્રાહ્મી (બ્રાહ્મણી),વૈષ્ણવી અને શાંભવી (રુદ્રાણી) સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે. સવારના સમયે કુમારી એટલે કે બ્રાહ્મી સ્વરૂપે હોય છે. એમાં ગાયત્રીનું વાહન હંસ હોય છે. એમને પાંચ મુખ અને બે હાથ હોય છે. બપોરના સમયે યુવતી એટલે કે વૈષ્ણવી સ્વરૂપે હોય છે. આ રૂપમાં તેઓ ગરુડ ઉપર બેઠાં હોય છે. આ સમયે તેમને એક મુખ અને ચાર ભુજા હોય છે.

સંધ્યા ટાણે પ્રૌઢાના સ્વરૂપમાં અર્થાત રુદ્રાણી કહેવાય છે. આ સમયે તેમનું વાહન બળદ છે. એ વખતે એક મુખ અને ચાર ભુજામાં જોવા મળે છે.વેદમાતા ગાયત્રીની સાધનાને ઉપાસનામાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. વેદમાતા ગાયત્રીની દેવીના રૂપમાં પણ પૂજા થાય છે. ગાયત્રીથી જ તમામ વેદોની ઉત્પત્તિ થઈ હોવાનું માનવામાં આવે છે. એટલા માટે ગાયત્રીને વેદમાતા પણ કહે છે. બ્રહ્માના તપથી ગાયત્રી અને સરસ્વતી પ્રગટ થયાં હતાં. શાસ્ત્રો અનુંસાર બંનેને બ્રહ્માની પત્નીઓ માનવામાં આવે છે.

બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર દ્વારા રચાયેલા ગાયત્રી મંત્રનો ઉલ્લેખ ઋગ્વેદનાં ત્રીજા મંડળમા મળે છે. ગાયત્રી મંત્રનો અર્થ થાય છે, પદાર્થ, ઊર્જા, અંતરિક્ષ અને આત્મામાં વિચરણ કરનારા તે પ્રેરક પૂજ્ય શુદ્ધ સ્વરૂપ દેવતાનું અમે ધ્યાન કરીએ અને અમારી બુદ્ધિને સારા કાર્યોમાં પ્રવૃત્ત કરવામાં એ મદદ કરે. ગાયત્રી મંત્ર ઋગ્વેદ ૩.૬૨.૧૦, અને યજુર્વેદ ૩.૩૫, ૨૨.૯, ૩૦.૨ અને ૩૬.૩માં મળે છે. આમ તો આ બન્ને વેદના મંત્રોમાં કોઈ મોટો ફેરફાર જોવા નથી મળતો પરંતુ વિષય અને પ્રસંગ અનુસાર આ મંત્રોના અર્થઘટનમાં થોડો ફરક હોઈ શકે છે.આ મંત્ર ગાયત્રી મંત્ર કેમ કહેવાય છે? આ એક પારિભાષિક પ્રશ્ન છે.''ગાયત્રી'' શબ્દ એ એક ''છંદનું'' અથવા તો તેનું ''ઉચ્ચારણ કરવાની રીતનું'' સુચન કરે છે. વૈદિક મંત્રોને ઘણાં પ્રકારના છંદો હોય છે. ગાયત્રી નામ ત્યાંથી આવ્યું છે એમ પણ કહેવાય છે.

ગાયત્રી મંત્રને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ મુલવવા જેવો છે. એમ કહેવાય છે કે, ગાયત્રી મંત્ર આંતરિક ઊર્જા પેદા કરનારો અનોખો મંત્ર હોવા ઉપરાંત બૌદ્ધિક ક્ષમતામાં પણ વધારો કરનારો મંત્ર છે.એઈમ્સના તબીબોની ટીમ અને આઈઆઈટીના વૈજ્ઞાનિકે કરેલા સંશોધન અનુસાર પ્રતિદિન કેટલોક સમય ગાયત્રી મંત્રનો લગાતાર જાપ કરવાથી બૌધિક ક્ષમતાનો અનંત રીતે વિસ્તાર શક્ય બને છે. એમઆરઆઈ દ્વારા મગજની સક્રિયતા તપાસીને આ વાતને સમર્થન આપવામાં આવ્યું છે.

ગાયત્રી મંત્ર ઉપર કરવામાં આવેલા સાયંટિફિક રીસર્ચને પણ તપાસી લઈએ. ગાયત્રી મંત્ર બોલવાથી મનની શક્તિઓ વધે છે એમ જ્યારે સૌ કોઈ કહે છે ત્યારે એનુ એ પાસુ સમગ્રતયા જોવાની ઉત્કંઠા સ્વાભાવિક રીતે દરેકને થાય. એઈમ્સના શોધકર્તાઓએ ૨૫થી ૩૦ વર્ષના પુરુષો ઉપર આ પ્રયોગ કર્યો હતો. નવ મહિના સુધી સંશોધન કરવામાં આવ્યું. પછી પાંચ વર્ષ સુધી ઉપલબ્ધ કરવામાં આવેલા ડેટાનો ઊંડાણપૂર્વકનો સઘન અભ્યાસ કરવામાં આવ્યો.

ઋગ્વેદના ત્રીજા મંડળના ૬૨મા સુક્તમાં ૧૦મો શ્લોક ગાયત્રી મંત્ર તરીકે ઓળખાય છે. એટલે એમ કહેવાય છે કે, હજારો વર્ષો પૂર્વે ત્રેતાયુગમાં વિશ્વામિત્ર ઋષિએ ગાયત્રી મંત્રની રચના કરી છે. સાદી ભાષામાં સમજીએ તો ગાયત્રી મંત્રનું હાર્દ પ્રકાશ બતાવવા અને સત્વ તરફ લઈ જવાની ઈશ્વરને કરાતી પ્રાર્થના છે. ભારત જ નહીં બલ્કે સમસ્ત વિશ્વના શોધકર્તાઓ અનુસાર ગાયત્રી મંત્ર ઋગ્વેદનો સૌથી પ્રભાવશાળી શ્લોક છે. આપણે બધા જાણીએ છીએ કે, માણસના મગજના આગળના ભાગને પ્રિફન્ટલ કોર્ટેક્સ કહેવાય છે. શોધકર્તાઓ કહે છે કે, મગજના આ ભાગમાં વ્યક્તિની કાર્ય યોજના બનતી હોય છે, સમસ્યાનું સમાધાન થતું હોય છે. જાગૃત નિર્ણયો લેવાનું કામ મગજના આ ભાગમાં થતું હોય છે. શોધકર્તાઓએ તેમના સંશોધન કાર્ય માટે કેટલાક લોકોને પસંદ કર્યા. એમને બે ગ્રુપમાં વિભાજીત કરી નાખ્યા. બે ગ્રુપ પૈકી એક ગ્રુપને ત્રણ મહિના સુધી પ્રતિદિન ૧૦૮ વાર ગાયત્રી મંત્રનો મનમાં જાપ કરવા જણાવાયું. આ ગૃપે તેમને જણાવાયા અનુંસાર દિવસમાં ૧૦૮ વાર ગાયત્રી મંત્રનો મનમાં જાપ કરવાનુ શરૂ કર્યુ.

બીજા ગ્રુપને જાપ વગર એમને જે કરવુ હોય એ કરવાનુ કહેવામાં આવ્યું. જે ગ્રુપ ગાયત્રી મંત્ર મનમાં બોલતું હતું તે સભ્યોના શરીરમાં ખુશીના સમયે પેદા થતું કેમિકલ ઝડપથી વધતું જતું હોવાનું જણાયું. માણસના શરીરમાં બનતું 'ગાબા' નામનું એક તત્વ જો શરીરમાં ન બને તો માણસને ઉંઘની તકલીફ પડે અને લાંબા ગાળે ડિપ્રેસનના વિકટ પ્રશ્નો સર્જાય. શોધકર્તાઓ નોંધે છે કે, જે જૂથ પ્રતિદિન ગાયત્રી મંત્ર કરતું હતું એના મગજમાં બીજા જ સપ્તાહથી 'ગાબા' તત્વનો અદભુત વિકાસ જોવા મળ્યો.

પાંચ સપ્તાહ સુધી કરવામાં આવેલા આ પ્રયોગમાં મેગ્નેટિક રીઝોનન્સ ઈમેજીન (MRI)ની મદદથી તારણ કાઢવામાં આવ્યું કે, જે ગ્રુપ ગાયત્રી મંત્ર કરતું હતું તેના મગજમાં શાંતિ વધુ જોવા મળી હતી. આ ઉપરાંત એમના મગજમા વધુ જાગૃતિ જણાઈ. સાયંટિફિક રીતે પણ તારણ નિકળે છે કે,ગાયત્રી મંત્ર બૌધિક ક્ષમતા વધારનારું પરિબળ છે. જો કે આ વિષય ઉપર AIMSનું સંશોધન કાર્ય ચાલુ છે. એનો રીપોર્ટ આંતરરાષ્ટ્રીય સ્તરે આગામી સમયમાં પ્રકાશિત થનાર છે. જર્મનીના હેમ્બર્ગ યુનિવર્સિટીના તજજ્ઞ વૈજ્ઞાનિકો ગાયત્રી મંત્ર ઉપર રિસર્ચ કરી ચૂક્યા છે. અમેરિકાના વૈજ્ઞાનિક ડો. હાર્વર્ડે દુનિયાભરના મંત્રો એકત્રિત કરી ફિઝીઓલોજી લાઈબ્રેરીમાં સંશોધન કર્યું. એમના કહેવા અનુસાર ગાયત્રી મંત્રમાંથી દર સેકંડે એક લાખ દસ હજાર સાઉન્ડ વેવ જનરેટ થતા જોવા મળ્યા છે. એટલે જ ડો. હાર્વર્ડના મતે ગાયત્રી મંત્ર સૌથી શક્તિશાળી મંત્ર છે. જેમ $H_2O$ પાણીની સાયંટિફિક ફોર્મ્યુલા છે, એમ ગાયત્રી મંત્ર વેવલેન્થ, સાઉન્ડ વાઈબ્રેશન, બૉડી, માઈન્ડ અને સોઉલ ઉપર અસર કરતું અને થોટ પ્રોસેસને વેગવાન કરતું સાયંટિફિક પરિબળ માનવામાં આવે ગાયત્રી મંત્રના શબ્દાર્થને પણ જોઈ લઈએ. ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુ ર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॥ ૐ એટલે સમસ્ત જીવોને તેમના આત્મા દ્વારા પ્રેરણા આપનાર પરમાત્મા, ઈશ્વર, ભૂ એટલે પદાર્થ અને ઊર્જા, ર્ભુર્વ એટલે અંતરિક્ષ, સ્વઃ એટલે આત્મા. આખી લાઈન ૐ ભૂર્ભુવઃ સ્વઃ એટલે પદાર્થ, ઊર્જા, અન્તરિક્ષ અને આત્મામાં વિચરણ કરવા વાળા શુદ્ધસ્વરૂપ અને પવિત્ર કરવાવાળા ચેતન બ્રહ્મ સ્વરૂપ ઈશ્વર. તત્ એટલે તે, તેઓ,સવિતુ એટલે સૂર્ય, પ્રેરક, વરેણ્યં એટલે પૂજ્ય, ભર્ગો એટલે શુદ્ધ સ્વરૂપ, દેવસ્ય એટલે દેવતાનાં અથવાદેવતાને. તત્સવિતુર્વરેણ્યંભર્ગોદેવસ્ય એટલે તે પ્રેરક, પૂજ્ય, શુદ્ધ સ્વરૂપ દેવતાને. ધિમહિ એટલે અમારૂં મન અથવા અમારી બુદ્ધિ ધારણ કરે, અમે તેમનું મનન, ધ્યાન કરીએ, ધિયો એટલે બુદ્ધિઅથવાસમજ, યો એટલે બુદ્ધિ અથવા સમજ, યો એટલે તે (ઈશ્વર), નઃ એટલે અમારી, પ્રચોદયાત્ એટલે સારાં કામોમાં પ્રવૃત કરે. ધીમહિધિયોયોનઃ પ્રચોદયાત્ એટલેતે અમારી બુદ્ધિને સારાં કામોમાં પ્રવૃત કરે. ગાયત્રી મંત્રનો સમગ્રતયા શબ્દાર્થ જોઈએ તો પદાર્થ, ઊર્જા, અન્તરિક્ષ અને આત્મામાં વિચરણ કરવા વાળા તે પ્રેરક, પૂજ્ય, શુદ્ધ સ્વરૂપ દેવતાનું અમે ધ્યાન કરીએ અને તે અમારી બુદ્ધિને સારાં કામોમાં પ્રવૃત કરે.

# મિ. બેચારા બનીને કે પછી મિ.પ્લૂટો બનીને જીવવું તે તો આપણે જ નક્કી કરવું રહ્યું




થોડી દાઢી અને વધી ગયેલા વાળવાળો સામાન્ય દેખાવવાળો યુવાન ચહેરા પર થાક અને હતાશાની કરચલીઓ લઈને ભરચક બસની અંદર માંડ માંડ બારણા ની આડશ પકડીને ઊભો છે. એટલામાં બસનો એક ઝટકો આવે છે અને તેનો હાથ આગળવાળી વ્યક્તિ સાથે છે ભટકાઈ જાય છે. તે વ્યક્તિ તેની પર તાડુકે છે. મનથી અને વસ્ત્રથી ચીમળાઈ ગયેલા તે માણસને આપણે મિ.બેચારા કહીશું. તે આજીજીભર્યા સૂરે કહે છે કે, મેં આમ ઈરાદાપૂર્વક કર્યું જ નથી. આ તો બસનો ધક્કો લાગ્યો અને મારો હાથ તમને ભટકાઈ ગયો. પરંતુ પેલી સુટ-બુટધારી વ્યક્તિ ફરી એકવાર તેને અપશબ્દો સંભળાવી દે છે. અને વળી પોતાનું ગજવું તપાસી લે. જાણે પેલા મિ.બેચારા તો પિક-પોકેટર ન હોય !

પેલા હતાશ અને મનથી નંખાઈ ગયેલો હતભાગી યુવક મિ.બેચારા ભોઠો પડી જાય છે. તેને ખૂબ માઠું લાગે છે. બસમાં તેની સાથે જ બેઠેલા લોફર જેવા અને વગર ટિકિટે ખુદાબક્ષાની જેમ મુસાફરી કરતા મુસાફરો પણ તેની પર હસે છે. પછી તે મિ. બેચારા નીચે ઉતરે છે ત્યારે ટિકિટ ચેકર તેની જ ટિકિટ ચેક કરે છે. જ્યારે તેની બાજુમાંથી જ પેલા ખુદાબક્ષો વટથી પસાર થઈ જાય છે. તેને કોઈ રોકતું પણ નથી. રોડના એક ખૂણે રીક્ષાને અઢેલીને આ યુવક ચા પીતો હોય છે તેવામાં જ એક યુવતી આવીને આપણી આ કથાના હતભાગી યુવકને પૂછે છે કે – "રીક્ષા નહેરુનગર જશે ?" પેલો યુવાન દ્રવિત થઈ જાય છે. ઘરે આવીને દર્પણમાં પોતાનું મોઢું ધારી ધારીને જુએ છે. અને તેની સાથે બનેલી દિવસ ઘરની ઘટનાઓને યાદ કરે છે. મનમાં ને મનમાં તે પોતાની માટે હિણપતનો ભાવ અનુભવે છે. તેને વિચાર આવે છે કે શા માટે મને જ અપમાનિત કરવામાં આવે છે ? આ વિચાર તેને બેચેન કરી દે છે.

બીજા દિવસે ફરી એ જ રીતે બસમાં સફર કરતી વખતે બીજા એક યુવાન સાથે (જેનું નામ આપણે પ્લૂટો રાખીશું. પ્લૂટો જ કેમ તે પછી જોઈએ.) ગઈકાલે તેની સાથે બનેલી ઘટના આજે ઘટી રહી છે તેવું તે જોઈ રહ્યો છે. જાણે જોઈ લો કે ગઈકાલનું ડીટ્ટો પુનઃ પ્રસારણ આજે ચાલી રહ્યું છે. તે યુવાનને એટલે કે પ્લૂટોને પણ બીજી વ્યક્તિ ગેરસમજથી ન કહેવાના શબ્દો કહી રહી છે. જેને કારણે બસના બીજા મુસાફરો તેની મજાક ઉડાવી રહ્યા છે. મિ. બેચારા ને લાગે છે કે મારે પેલા યુવક પાસે જઈને તેને આશ્વાસન આપવું જોઈએ. મિ. બેચારા મિ. પ્લૂટોની પાસે જાય છે. ત્યારે એક આશ્ચર્ય સર્જાય છે. આજે જેની સાથે પેલી ઘટના બની છે તે મિ.પ્લૂટો તો ખૂબ જ સ્વસ્થ દેખાય છે. અને હસી રહ્યો છે. મિ.બેચારા કે જે પોતાને અપશુકનિયાળ માનવાવાળો તે યુવક પૂછે છે કે ભાઈ તને આ શબ્દો સાંભળીને ખોટું ન લાગ્યું ? પેલા નફિકરા અને બિન્દાસ મિ.પ્લૂટો કહે છે કે - ના રે ના. ખોટું શેનું લાગે. આ શબ્દ બોલનાર વ્યક્તિ મને હજી છેલ્લાં બસ સ્ટેશનથી જ ઓળખે છે. જ્યારે હું પોતે તો મારી જાતને છેલ્લા ૨૨ વર્ષથી ઓળખું છું.

અત્યાર સુધીનું આજે લખાણ તમે વાંચ્યું તે એક નાનકડા વીડિયોરૂપે સોશિયલ મિડિયા પર વાયરલ થયેલી ક્લિપ છે. હા, આ યુવકોના નામ પાડનારી ફઈબા હું જ છું. તેનું કારણ તમને જણાવું. મિ. બેચારા તો જાણે તમે સમજી જ ચૂક્યા હશો. પણ પ્લૂટો નામ કેમ રાખ્યું તે જણાવું. વાત જાણે એમ છે કે, ખગોળશાસ્ત્રીઓ પ્લૂટોને પહેલાં તો એક સ્વતંત્ર ગ્રહ ગણતા હતા. પરંતુ ઇ.સ. ૨૦૦૬માં એક નાનકડા ઓરડામાં બેસીને ચાર ખગોળશાસ્ત્રીઓએ નક્કી કર્યું કે, પ્લૂટો એ કોઈ સ્વતંત્ર ગ્રહ નથી. પછી શું થયું..શું પ્લૂટોને ખોટું લાગી ગયું અને તેણે અવકાશમાં ફરવાનું બંધ કરી દીધું ? ના. પ્લૂટો તો તેની મસ્તીમાં આજે પણ બિન્દાસ ફરે જ છે. તેને કોઈ ફરક નથી પડતો કે તેની ભ્રમણકક્ષાથી જોજનો દૂર નાનકડા પૃથ્વી નામક ગ્રહ ઉપર નાનકડા ઓરડામાં ચાર માણસો તેની માટે શું વિચારે છે !

આપણી લડાઈ બહાર છે જ નહીં. સ્વ સાથેની જ છે. આપણે સતત પોતાની જાત માટે ઉપર ઊઠવાનું છે. કોઈ બીજા માટે તો નહીં જ. આપણાથી વધુ ભલા બીજું કોઈ આપણને શું ઓળખી શકવાનું હતું ? જ્યારે આપણે તો કોઈ પારકી વ્યક્તિ આપણને ઓળખી શકતી નથી તેની પળોજણમાં પડીને દુઃખી થતા રહીએ છીએ.

instagram પર કેટલા ફોલોઅર વધ્યા ? facebookમાં મારી પોસ્ટને કેટલી લાઇક મળી ? કોઈએ કમેન્ટ કેમ નથી કર્યું ? આવી નાની નાની વાતોમાં હતાશામાં સરી પડીએ છીએ. સોસાયટીની મિટિંગમાં મારું સૂચન કેમ સાંભળવામાં નથી આવતું ? કોલેજના મિત્રો દ્વારા ગ્રુપમાં શા માટે મારી વાત ઉડાડી દેવામાં આવે છે ? હું શા માટે કોઈને કન્વીન્સ કરી કરી શકતો નથી ? સાવ ક્ષુલ્લક લાગે તેવી વાતોમાં આપણે આપણા મનને એટલું બધું વિક્ષુબ્ધ કરી દઈએ છીએ કે પછી પાછા કોઈ વખત ઉપર ઊઠવાનું યાદ આવતું નથી. આપણી મનની શાંતિ હણવાનો અધિકાર કોઈ બહારની વ્યક્તિને તો કેમ આપી શકાય ? ન જ આપી શકાય.

તેમાં પણ અહીં સ્નેહી અને સ્વજનોથી આહત થયેલા મનની વાત નથી. પરંતુ એવી વ્યક્તિઓથી આહત થવાની વાત છે જેનું આપણા જીવનમાં સ્થાન જ નથી. હજી માંડ બે ઘડીનો સંગ છે ત્યારે તેવા સાવ અજાણ્યા માણસોના વર્તનથી દુ:ખી થવું એ તો નરી મૂર્ખામી જ છે.

રસ્તામાં ચાલ્યા જતા હોઈએ અને આપણા વગર કોઈ વાંકે રાહદારી આપણી સાથે ઝઘડો કરી બેસે અથવા દલીલ કરી દે તો આપણે આવી નગણ્ય વાતોને હસી નથી નાખતા. કાર પાર્ક કરવાની જગ્યા બાબતે પણ રકઝક થાય તે રકઝકની અસર સાથે જ આગળ વધે રાખીએ છીએ. તે બહારના અજાણ્યા માણસ સાથેના વ્યવહારની અસર ઘરે આપણા માસૂમ બાળકો પર પડે તે તો કેમ સહેવાય ? આપણી માટે મહત્ત્વનું કોણ છે જેની સાથે આપણો સ્નાનસૂતકનો સંબંધ નથી તેવી વ્યક્તિઓ કે પછી આપણી પોતાની જાત. આપણે આપણી આસપાસના સાવ અજાણ્યા લોકો અને પ્રસંગોને જાણ્યે-અજાણ્યે આપણા જીવનમાં એટલું બધું મહત્ત્વ આપી દઈએ છીએ કે તેમનો તુચ્છ અભિપ્રાય આપણી માટે ખૂબ જ મહત્ત્વનો બનાવી દઈએ છીએ. અને પછી અંદરને અંદર ડુમાતા રહેતાં જાતને દુ:ખી કરે રાખીએ છીએ.

આપણે શ્રેષ્ઠ છીએ અને આપણાથી વધુ બીજું કોઈ પણ આપ વિશે કહી શકવા સમર્થ નથી. આ સનાતન સત્ય સ્વીકારીને જ આગળ ચાલીએ તેમાં જ આપણી ભલાઈ છે. ખરું ને મિ. પ્લૂટો.....

- jayuoza@gmail.com,
Mo.9898046488

# સમસ્યા ગમે તેટલી મોટી હોય, એમાં સમજદારીપૂર્વક જો આપણે વિચારીએ, સહુ પોતપોતાની યોગ્ય ભૂમિકા ભજવે તો એના ઉકેલની દિશામાં એકાદ દીવડો તો જરૂર પ્રગટાવી શકીએ અને એના અજવાળાને પામી શકીએ




અખબાર ખોલો, ટેલિવિઝન શરૂ કરો કે મોબાઈલમાં સોશ્યિલ મીડિયાના ડિજિટલ ન્યૂઝ જુઓ, ક્યાંક ને ક્યાંક માર્ગ અકસ્માતના સમાચારો વાંચવા મળે અને એક ભયાનક દૃશ્ય નજર સામે આવી જાય. માર્ગ અકસ્માતો ને ક્યાંક કોઈનું અકાળ મૃત્યુ થઈ રહ્યું છે. માત્ર સમાચારો સાંભળવાને વાંચીન બેસી રહેવાથી નહિ ચાલે..... શું થઈ શકે ?

આ પ્રશ્નનો જવાબ અઘરો છે, સમસામયિક હોય છે, વ્યક્તિગત કે સામૂહિક હોય છે. શાસકોના પક્ષે પણ હોય છે અને નાગરિકોના પક્ષે પણ હોય છે. આપણે ત્યાં વાહન વ્યવહારની આખ્ખીયે સીસ્ટમમાં જે સારી અને ઉત્તમ બાબતો છે અને ઊણપો છે એનો કોઈ અભ્યાસ કરે તો કદાચ અનેક કારણો-જવાબો રૂપે આપણી સામે આવી શકે. પરંતુ અહીં વાત કોનો વાંક ને કોને સજા ? એની નથી કરવી કાયદાનું કામ કાયદો કરશે. આપણે એટલે કે પ્રત્યેક માણસ પોતે જે સ્થાન પર છે ત્યાં રહીને, પોતાની ભૂમિકા આ દિશામાં કઈ રીતે નિભાવી શકે એ વિચારવું જરૂરી છે. વ્યક્તિગત અને સામૂહિક રીતે આપણે આ ક્ષણથી જ એવું કંઈક તો કરી શકીએ જે આવનારા સમયમાં માર્ગ અકસ્માતોથી આપણને કે બીજાને ઉગારી શકે.

રોજ સર્વ સામાન્ય રીતે લોકો કારણ વિના, આદતના જોરે ટ્રાફિકના નિયમો તોડે છે, મનફાવે તેમ વાહનો ચલાવે છે, ચાલુ વાહન મોબાઈલનો ઉપયોગ કરે છે, કોઈ વળી ડ્રીન્ક કરીને ડ્રાઈવ કરે એછે, ઓવર સ્પીડમાં ડ્રાઈવ કરે છે, ખોટી રીતે માર્ગો પર લેન બદલે છે, ગમે ત્યાં આડેધડ પોતાના વાહનો પાર્ક કરે છે, ડાબી બાજુની લેન ખુલ્લી નથી રાખતા, ત્રીજી લેનમાંથી પહેલી લેનમાં આવીન, ક્રોસ કરીને યુ ટર્ન લે છે.... ડ્રાઈવીંગ કરતી વખતે ઓડિયો - વીડિયો સિસ્ટમ પર ધ્યાન વધુ આપે છે, હાઈ-વે પર આગળની કારની લગાવેલ ગાડી ચલાવે છે, આવા આવા તો કેટકેટલા ઉદાહરણો છે જે આપણે બિલકુલ સામાન્ય રીતે નજર સામે જોઈએ છીએ. રોંગ સાઈડ વાહન ચલાવવા, નિષ્કાળજી પૂર્વક ઓવરટેઈક કરવું વગેરે પણ તેમાં ઉમેરી શકાય. આ બધાથી આપણે બચીએ, આપણા બાળકોને યોગ્ય તાલીમ બાદ - અધિકૃત લાઈસન્સ બાદ જ વાહન ચલાવવા આપીએ એ પણ એટલું જ જરૂરી છે.

સામા પક્ષે, સુશાસનનો પણ એ ભાગ હોય છે કે માર્ગો પર યોગ્ય રીતે ટ્રાફિક નિયમન થાય, યોગ્ય જગ્યાએ સ્પીડ બ્રેકર, ડિવાઈડર લાગેલા હોય, સાઈન બોર્ડ એવા હોયને દૂરથી દેખાય, રાત્રે પણ વંચાય, રસ્તાના ખાડા તાત્કાલીક રીપેર થાય, ડાઈવર્ઝન યોગ્ય રીતે થાય, માર્ગ મરામતના કામ જલદી થાય, આધુનિક સાધનોથી ટ્રાફિક અને વાહન વ્યવહારના ગુનાઓ થાય તો તેના કરનાર સામે પગલાં લેવાય.

દેશ-વિદેશમાં આપણે ફરતા હોઈએ છીએ એટલે સ્વાભાવિક રીતે સરખામણીઓ થયા કરે, પરંતુ સરખામણી કરવાના બદલે આપણા ગામ-રાજય અને રાષ્ટ્રના સંદર્ભમાં આજે જાગૃતિપૂર્વક એક માણસ શું કરી શકે ? આપણો નાગરિક ધર્મ શું હોઈ શકે ? તે અંગે દરેક માણસ વિચારશે, તો થોડો ફેર જરૂર પડશે. માત્ર સૂત્રો લખવાથી કે બોલવાથી નહિ, લેખ લખવાથી કે વાંચવાથી નહિ પરંતુ વ્યક્તિગત રૂપે દરેક માણસે આ સંદર્ભે પોતાના નજીકમાં સાચી દિશાનો બદલાવ લાવીન, હકારાત્મક ઉર્જા સાથે જીવવું પડશે તો આ સંવેદનશીલ એવી બાબતમાં આપણે માણસાઈને ઉજાગર કરી શકીશું.

સમસ્યા ગમે તેટલી મોટી હોય, એમાં સમજદારીપૂર્વક જો આપણે વિચારીએ, સહુ પોતપોતાની યોગ્ય ભૂમિકા ભજવે તો એના ઉકેલની દિશામાં એકાદ દીવડો તો જરૂર પ્રગટાવી શકીએ અને એના અજવાળાને પામી શકીએ.